بسم اللہ الرحمن الرحیم

# સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.01-12-2017 સ્થળ: બૈતુલ ફુતુહ, લંડન

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝે ફરમાવ્યું :

૧૨ રબીઉલ અવ્વલનો દિવસ તે દિવસ છે જ્યારે દુનિયામાં તે નૂર આવ્યો જેને અલ્લાહ તઆલાએ સિરાજ એ મુનીર કહ્યું. જેણે સમગ્ર વિશ્વને આધ્યાત્મિક પ્રકાશ પ્રદાન કરવું હતું અને કર્યુ. જેણે ખુદા તઆલાનું શાસન દુનિયામાં સ્થાપિત કરવું હતું અને કર્યુ. જેણે વર્ષોના મૃતકોને રૂહાની જીવન આપવું હતું અને આપ્યું. જેણે દુનિયાને અમન અને સલામતી પ્રદાન કરવી હતી અને પ્રદાન કરી. જેને અલ્લાહ તઆલા એ ફરમાવ્યું હમને તુજે દુનિયા કે લીયે સીર્ફ રહેમત બના કે ભેજા હૈ જે ફકત માનવ જાતિ માટે જ નહી બલ્કે પશુ પક્ષી માટે પણ રહેમત છે. જે ફકત મુસલમાનો માટે જ નહી બલ્કે બિન મુસ્લિમો માટે પણ રહેમત હતા અને છે અને જેને તાલીમ પ્રલય સુધી પ્રત્યેક માટે રહેમત છે. જેના વિશે અલ્લાહ તઆલા એ તેઓને માનનારને ફરમાવ્યું કે અલ્લાહ તઆલાના રસૂલમાં તમારા માટે સુંદર નમૂનો છે. જેવું કે ફરમાવ્યું છે :

નિઃ સંદેહ તમારા માટે અલ્લાહના રસૂલમાં નેક નમૂનો છે, પ્રત્યેક તે વ્યકિત માટે જે અલ્લાહ અને નિર્ણયના દિવસ પર વિશ્વાસ રાખતો હોય અને અલ્લાહને ખુબ યાદ કરતો હોય. આથી આ સુંદર નમૂના અનુસાર ચાલ્યા વગર મુસલમાન મુસલમાન ન કહી શકાય. આપણા નબી સ.અ.વ.એ આપણા માટે તૌહીદને કાયમ કરવાના નમૂના સ્થાપિત કર્યા, ઈબાદતોના પણ નમૂના કાયમ કર્યા, ઉચ્ચ આચરણના પણ નમૂના કાયમ કર્યા તથા માનવ જાતિના અધિકારોના પણ નમૂના કાયમ કર્યા. પરંતુ ખેદ છે કે આજ કાલ અધિકતર મુસ્લિમો દાવો તો તેમની મુહબ્બતનો કરે છે પરંતુ કર્મ તેનાથી ઉલટ છે જેની આપણા નબી હઝરત મુહમ્મદ સ.અ.વ.એ તાલીમ આપી હતી અને જેના અનુસાર આપે કાર્ય કરી બતાવ્યા હતા. અધિકતર મુસ્લિમ દેશોમાં ઉપદ્રવ તથા ફસાદની સ્થિતિ છે. પાકિસ્તાનમાં આ ભયના કારણે કે ઉપદ્રવની સ્થિતિ એક સ્થળેથી બીજા સ્થળે ન જાય તે માટે અમુક શહેરોમાં આજે મોબાઈલ ફોનની સેવાઓ બંધ કરી દેવામાં આવી છે. પોલીસ પણ મોટી સંખ્યામાં પ્રત્યેક ચોક અને સડક પર ઉભી છે. શું આ તે નબીની ખુશી મનાવવાનો તરીકો છે કે પ્રત્યેક સજ્જન વ્યકિત ભયભીત છે. આપણા નબીના નામે અહેમદીઓ વિરૂધ્ધ અપશબ્દો બોલવા તથા ગાળો આપવી એ તો દૈનિક નિયમ છે પરંતુ આજે તેમાં પણ તીવ્રતા ઉત્પન્ન થઈ ગઈ છે. થોડા દિવસો પહેલા પાકિસ્તાનના અમુક શહેરોમાં જે ઘેરાવ અને ધરણા થયા તેનાથી પ્રત્યેક શરીફ નાગરિકને દુખી કરી નાખ્યો હતો, દિન ચર્ચા બંધ થઈ ગઈ હતી. કોઈ બીમાર વ્યકિત દવાખાનામાં ન જઈ શકતો હતો, શાળાઓ બંધ કરવામાં આવી તથા દુકાનો પણ બંધ કરવામાં આવી. કોઈ વ્યકિત જેના ઘરમાં ખાવા પીવાનો સામાન ન હતો પોતાના બાળકો માટે ખાવા પીવાનું સામાન ન લાવી શકતો હતો. અરબો રૂપીયાની કોંમને હાનિ થઈ અને આ બધું તે તથાકથિત ઉલમાઓના હુબ્બે રસૂલના નારાના કારણે થયું જે રહેમતુલલિલ આલમીન છે, જેણે આપણને આ તાલીમ આપી છે કે માર્ગનો પણ હક અદા કરો. પરંતુ આ લોકો તો રસૂલના સંમાનના નામે માર્ગો બંધ કરી લોકોને મુશ્કેલીમાં મુકે છે. આંહઝરત સ.અ.વ.ની તાલીમ તથા આપના સુંદર આચરણથી આ બધી વસ્તુથી કોઈ પણ જાતના લેવા દેવા નથી. આ લોકો જે ચાહે કરતા રહે પરંતુ આપણે અહેમદીઓનું કામ છે કે આપણે આપ સ.અ.વ.ના નમૂનાઓના પ્રત્યેક પહલૂને જોઈએ તથા તેના અનુસાર કર્મ કરવાનો સંપૂર્ણ પ્રયાસ કરીએ, પોતાની તમામ ક્ષમતાઓ તથા શકિતઓ સાથે પ્રયાસ કરીએ.

હુઝુર અનવરે ફરમાવ્યુંઃ અત્રે હું આંહઝરત સ.અ.વ.ના સુંદર આચરણ વિશે આપ સ.અ.વ.ના અમુક વૃત્તાંત બયાન કરીશ. અલ્લાહ તઆલાથી જે આપને પ્રેમ હતો તેને બયાન કરતા હઝરત મસીહ મૌઉદ અ.સ. એક સ્થળે ફરમાવે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ એક અસ્તિત્વના આશિક તથા

દિવાના થયા અને પછી તે મેળવ્યું જે દુનિયામાં કોઈને પણ ન મળ્યું. આપને અલ્લાહ તઆલાથી એટલો પ્રેમ હતો કે સાધારણ લોકો પણ કહેતા હતા કે મુહમ્મદ સ.અ.વ. પોતાના રબ પર આશિક થઈ ગયા છે.

પછી આંહઝરત સ.અ.વ.નો અલ્લાહ તઆલાથી પ્રેમ અને ઈશ્ક વિશે બયાન કરતા હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે જ્યારે આ આયતો ઉતરી કે શિર્ક કરનાર ગંદકી છે, પલીદ છે, શર્રઉલ બરિય્યા છે, સુફહા છે તથા શૈતાનની સંતાન છે તથા તેમના પૂજ્ય આગનું ઈંધણ છે અને નર્કમાં છે તો અબૂ તાલિબએ આંહઝરત સ.અ.વ.ને બોલાવી કહ્યુ કે હે મારા ભત્રીજા, હવે તારા કઠોર શબ્દોના કારણે લોકો ખુબ ગુસ્સે થયેલ છે તથા સંભાવના છે કે તને નષ્ટ કરી દે તથા સાથે મને પણ. તે તેમના બુદ્ધિમાન લોકોને મૂર્ખ ગણ્યા છે તથા તેમના પૂર્વજોને શર્રઉલ બરિય્યા કહ્યું છે તથા તેમના આદરણીય પૂજ્યોનું નામ હીઝમ અને નર્ક તથા આગનો ઈંધણ રાખ્યું તથા તે તમામને ગંદકી અને શૌતાનની સંતાન તથા પલીદ ઠેરવ્યા. હું તને શુભ ચિંતક હોવાની ભાવનાથી કહું છુ કે પોતાની ભાષાને થોભ તથા ખરાબ શબ્દોથી રોકાઈ જા નહીતર હું કોંમના મુકાબલાનું સામર્થ્ય નથી રાખતો. આંહઝરત સ.અ.વ.એ જવાબ આપતા કહ્યું કે હે કાકા! આ વિકટ ભાષા નથી બલ્કે વાસ્તવિકતાની અભિવ્યકિત છે તથા મૂળ વાતનો તેના ઉચિત સમય પર બયાન છે અને આ જ તો કામ છે જેના માટે મને મોકલવામાં આવ્યો છે જો તેના કારણે મારે મરવું પડે તો પ્રસન્નતા સાથે આ મોતને સ્વીકાર કરૂ છું, મારૂ જીવન આ જ કામ માટે સમર્પિત છે, હું મોતના ભયથી સત્યને જાહેર કરવાથી રોકાઈ નથી શકતો, અને હે કાકા! જો તમને પોતાની દુર્બળતા અને પોતાની મુશ્કેલીઓની ચિંતા છે તો તમે મને પોતાની શરણમાં રાખવાથી હટી જાઓ, ખુદાની સોગંદ મને તમારી કોઈ આવશ્યકતા નથી, હું અલ્લાહની વાતો પહોચાડવાથી કદાપી ન રોકાઈશ, મને મારા મૌલાના આદેશ મારી જાનથી પણ અધિક પ્રિય છે. ખુદાની સોગંદ જો હું આ માર્ગમાં મરી જાઉ તો ઈચ્છા છે કે વારંવાર જીવિત થઈ હંમેશા આ માર્ગમાં મૃત્યું પામતો રહું. આ ભયનો અવસર નથી બલ્કે તેનાથી ખુબ જ આનંદ પ્રાપ્ત થાય છે કે તેની રાહમાં દુખ ઉઠાવું. આંહઝરત સ.અ.વ. આ ભાષણ કરી રહ્યા હતા તથા ચહેરા પર સચ્ચાઈ તથા નૂરથી ભરેલ કરૂણા પ્રગટ થઈ રહી હતી અને જ્યારે આંહઝરત સ.અ.વ. આ ભાષણ પૂર્ણ કરી ચુકયા તો સત્યના પ્રકાશને જોઈ સહસા અબૂ તાલિબની આંખોથી આંસુ જારી થઈ ગયા તથા તેમનાથી કહ્યુ કે હું તારી આ ઉચ્ચ સ્તરીય અવસ્થાથી અવગત ન હતો, તુ બીજા જ રંગમાં અને બીજી જ શાનમાં છે, જા પોતાના કામમાં લાગ્યો રહે, જ્યાં સુધી હું જીવિત છું જ્યાં સુધી મારી શકિત છે, હું તારો સાથ આપીશ.

હુઝુર અનવરે ફરમાવ્યું: આજે આપણા પર અર્થાત અહેમદીઓ પર આ આરોપ લગાવવામાં આવે છે કે મિરઝા ગુલામ અહેમદ કાદિયાની અ.સ.ને માનવાના કારણે તેઓ કાફિર છે. આ ઘટના જેનું મેં હમણા વર્ણન કર્યુ છે, તે આપણે ઈતિહાસમાં વાંચીએ છીએ અને સાંભળીએ છીએ પરંતુ જે ભાવના અને દિલની સ્થિતિથી હઝરત મસીહ મૌઉદ અ.સ.એ તેને બયાન કર્યુ છે તેનાથી તેમના ઈશ્કે મુહમ્મદ એ અરબી સ.અ.વ.ની પણ અભિવ્યકિત થાય છે તથા તેની સાથે સાથે પછી ખુદા તઆલાથી પ્રેમના માર્ગો પણ જોવા મળે છે જે આપ સ.અ.વ.એ આપણને બતાવ્યા. આંહઝરત સ.અ.વ.ના પ્રેમમાં હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે :

હું હંમેશા અદભૂત દ્રષ્ટિથી જોઉ છું કે આ અરબી નબી જેનું નામ મુહમ્મદ સ.અ.વ. છે, હઝાર હઝાર દરૂદ વ સલામ તેના પર, આ કેટલો ઉત્તમ સ્તરનો નબી છે. તેના ઉત્તમ સ્તરની સીમા સમજાય નથી શકતી તથા તેના પવિત્ર પ્રભાવનું અનુમાન લગાવવું ઈન્સાનનું કામ નથી. ખેદ છે કે જેવા પરિચયનો હક છે, તેના સ્તરને ન ઓળખી શકયા. તે તૌહીદ જે દુનિયાથી લુપ્ત થઈ ગઈ હતી તે જ એક પહેલવાન છે જે ફરીથી તેને દુનિયામાં લઈ આવ્યો. તેણે ખુદાથી ખુબ જ પ્રેમ કર્યો તથા અત્યંત રૂપથી માનવ જાતિ સાથે સહાનુભૂતિમાં તેણે જાન ખપાઈ. આ કારણે ખુદાએ જે તેના દિલના ભેદથી અવગત હતો તેને તમામ નબીઓ તથા તમામ અવ્વલીન બ આખિરીન પર પ્રાથમિકતા આપી તથા તેની મુરાદો તેના જીવનમાં તેને આપી. તે જ છે જે સ્ત્રોત છે પ્રત્યેક કૃપાનો તથા જે તેની કૃપાને સ્વીકાર કર્યા વગર કોઈ લાભનો દાવો કરે છે તે ઈન્સાન નથી બલ્કે શૈતાનની સંતાન છે, કેમકે પ્રત્યેક ફઝીલતની ચાવી તેને આપેલ છે તથા પ્રત્યેક

મઅરિફ્તનો ભંડાર તેને આપેલ છે. જે તેના માધ્યમથી નથી મેળવતો તે સંપૂર્ણ રૂપથી ભાગ્ય હીન છે. અમારૂ શું મૂલ્ય છે, આપણે નેઅમતના ઈન્કારી થઈશું જો આ વાતને સ્વીકાર ન કરીએ કે વાસ્તવિક તૌહીદ આપણે તે જ નબીના માધ્યમથી મેળવી તથા જીવિત ખુદાથી પરિચય આપણને તે જ સંપૂર્ણ નબીના માધ્યમથી તથા તેના નૂરથી મળ્યો અને ખુદથી વાત ચીત તથા સંબોધનનું વરદાન પણ જેના દ્વારા આપણે તેનો ચહેરો જોઈએ છીએ, તે જ નબીના માધ્યમથી આપણને પ્રાપ્ત થયું છે. તે હિદાયતના સૂર્યની કિરણો તાપની જેમ આપણા પર પડે છે તથા તે સમય સુધી આપણે પ્રકાશિત રહી શકીએ છીએ જ્યાં સુધી કે આપણે તેમની સામે ઉભા છીએ.

હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે : હું ખુબ જ જોરથી કહું છું કે ચાહે કેવો પણ દુષ્ટ શત્રુ હોય તથા ચાહે તે ઈસાઈ હોય કે આર્ય, જ્યારે તે આ પરિસ્થિતિઓને જોશે કે જે આંહઝરત સ.અ.વ. પહેલા અરબની હતી અને પછી તે પરિવર્તન પર નજર નાખશે જે આપની તાલીમ અને પ્રભાવથી પૈદા થઈ તો તેના સહસા આપની સચ્ચાઈની ગવાહી આપવી પડશે. મોટી વાત છે કે કુરઆન મજીદએ તે પહેલી અવસ્થાનો તો આ નકશો ખેચ્યો છે કે પશુઓની જેમ ખાય છે, પશુઓ વાળી હાલત છે. આ તો તેમના ઇન્કાર સમયની હાલત હતી અને પછી જ્યારે આંહઝરત સ.અ.વ.ના શુભ પ્રભાવએ તેમનામાં પરિવર્તન પૈદા કર્યો તો તેમની એવી અવસ્થા થઈ ગઈ કે તેઓ પોતાના રબની સમક્ષ સજદા કરતા, કયામ કરતા રાતો કાટતા હતા.

હુઝુર અનવરે ફરમાવ્યું : આથી પહેલાથી મળનાર આ આખિરીનની જમાઅતના લોકોનો પણ કર્તવ્ય છે કે તે સુંદર આચરણનો અનુસરણ કરતા જેવું કે સહાબાએ ઈબાદતોના સ્તર બુલંદ કર્યા, આપણે પણ આપણી ઈબાદતોના સ્તર બુલંદ કરીએ તથા કેવળ દુનિયાદારીમાં જ ડુબેલ ન રહીએ. ઝૈલી તંઝીમો તથા જમાઅતી નિઝામ આ રિપોર્ટ આપે છે કે અમારા એટલા ટકા નમાઝી થઈ ગયા છે, ચાલીસ ટકા, પચાસ ટકા, સાઈઠ ટકા. આપણે તો જ્યાં સુધી સો ટકા ઈબાદત કરનાર પૈદા ન કરી લઈએ આપણે આરામથી ન બેસવું જોઈએ તથા કેવળ નિઝામ જ નહી બલ્કે પ્રત્યેક વ્યકિતએ આત્મ નિરીક્ષણ કરવું જોઈએ કે હું કઈ અવસ્થામાં છું.

પછી સત્ય અને સચ્ચાઈમાં આપ સ.અ.વ.નો શું તરીકો હતો, આપના ઘોર શત્રુ નઝર બિન હારિસની ગવાહી સાંભળો. એક વાર કુરૈશના સરદાર એકત્ર થયા જેમાં અબૂ જહલ તથા નઝર બિન હારિસ પણ સામેલ હતા. નબી કરીમ સ.અ.વ. વિશે જ્યારે કોઈએ આ કહ્યુ કે તેમને જાદુગર ઘેષિત કરી દેવામાં આવે અથવા જુઠો ઘોષિત કરી દેવામાં આવે તો નઝર બિન હારિસ ઉભો થયો અને કહેવા લાગ્યો કે હે કુરૈશના લોકો! એવો મામલો તમારી સામે આવી ગયો છે કે જેનો મુકાબલો કરવા માટે તમે કોઈ યુકિત નથી લાવી શકયા. મુહમ્મદ સ.અ.વ. તમારામાં એક જવાન છોકરો હતો અને તમને સૌથી અધિક પ્રિય હતો,તમારામાં  સૌથી અધિક સત્ય બોલનાર હતા, અમાનતદાર હતા. હવે તમે કહો છો કે તે જાદુગર છે, તમનામાં જાદુની કોઈ વાત નથી, અમોએ જાદુગર જોયેલા છે. તમોએ કહ્યુ કે તે કાહીન છે, અમોએ પણ કાહિન જોયેલા છે, તેઓ કાહિન કદાપી નથી. તમોએ કહ્યું કે તે કવિ છે, અમો કવિતાના તમામ રૂપ જાણીએ છીએ, તેઓ કવિ નથી. તમોએ કહ્યું કે તેઓ મજનૂન છે, તેમનામાં મજનૂનની કોઈ નિશાની નથી. હે કુરૈશના લોકો! ફરીથી વિચાર કરી લો, તમારો વાસ્તો એક ખુબ જ મોટા મામલાથી છે.

પછી અબૂ જહલ આપની સચ્ચાઈનો કદાપી ઈન્કાર નથી કરી શકતો. તેણે કહ્યું કે હું તમને જુઠો નથી કહેતો પરંતુ જે તાલીમ તમે લાવ્યા છો તે અનુચિત છે કેમકે તમે અમારા બુતો વિરૂધ્ધ બોલો છો. અબૂ સૂફયાને પણ હરકુલ રાજાના દરબારમાં આ જ કહ્યુ હતું કે આપ સ.અ.વ. કયારેય જુઠ નથી બોલ્યો તથા હંમેશા સત્ય બોલવાની પ્રેરણા આપતા હતા. આમ દુશ્મન પણ આપને જુઠો ન કહી શકયા તથા આ જ આપના સાચા હોવાનો મોટામાં મોટું પ્રમાણ છે. યહૂદી આલિમએ આપના ચહેરાને જોઈ કહ્યું કે આ જુઠાનો ચહેરો નથી હોઈ શકતો.

હુઝુર અનવરે ફરમાવ્યું : આથી આપ સ.અ.વ.નું અનુસરણ કરતા અહેમદીઓએ પોતાની સચ્ચાઈના સ્તર બુલંદ કરવાના હંમેશા પ્રયાસ કરવા જોઈએ જેથી ઈસ્લામની સુંદર તાલીમ ફેલાવવામાં સરળતા થાય.

પ્રચાર માટે જરૂરી છે કે કથની અને કરનીમાં અંતર ન હોય. જો કર્મમાં સચ્ચાઈ નથી તો લોગ દીનની તાલીમને પણ જુઠી સમજશે. ખુદા તઆલાની ઝાત એક સચ્ચાઈ છે, દીન એ ઈસ્લામ એક સચ્ચાઈ છે, આ સચ્ચાઈને ફેલાવવી તથા સત્ય દ્વારા ફેલાવવી, આજે આપણું કામ છે.

હુઝુર અનવરે ફરમાવ્યું: આથી આજે અર્થાત ૧૨ રબીઉલ અવ્વલના દિવસે જો વાસ્તવિક ખુશી મનાવવી છે તો પછી આંહઝરત સ.અ.વ.ના સુંદર આચરણ અનુસાર કર્મ કરી મનાવી શકાય છે જ્યાં ઈબાદતોના ધોરણો પણ બુલંદ હોય, જ્યાં તૌહીદ પર પણ સંપૂર્ણ વિશ્વાસ હોય તથા ઉચ્ચ આચરણના ધોરણો પણ બુલંદ હોય. જો આ નથી તો આપણામાં અને બીજા લોકોમાં કોઈ અંતર નથી. તે લોકો જે છુટા પડેલ છે તથા અસ્થાઈ લીડર અને તથાકથિત આલિમોની પાછળ ચાલી લોકો માટે મુશ્કેલીઓના સામાન બનાવી રહ્યા છે, તેમનામાં અને આપણામાં કોઈ અંતર ન રહેશે. જો આપણે આંહઝરત સ.અ.વ.ના સુંદર આચરણનું અનુસરણ નથી કરી રહ્યા. હઝરત મસીહ મૌઉદ અ.સ.ની બૈઅતનો અર્થ આ જ છે કે આપણે પ્રત્યેક કાર્યમાં આંહઝરત સ.અ.વ.ના સુંદર નમૂનાઓને સામે રાખીએ. અલ્લાહ કરે કે આની બધાને તૌફીક મળે. આમીન

ખુત્બા જુમ્માના અંતમાં હુઝુર અનવરે મુકર્રમા સિસ્ટર સલમા ગની સાહેબા ઓફ ફલાડિલ ફિયા, અમેરીકાની નમાઝે જનાઝા ગાયબ પઢવાની ઘોષણા ફરમાવી તથા આપના સદગુણોનું વર્ણન કર્યુ.

TOLL FREE NO: 180030102131

| Khulasa Khutba Jumma Huzoor Anwar 01 December 2017 |
|---|
| BOOK POST (Printed Matter)<br><br>To.....................................................................................................<br>.....................................................................................................<br>.....................................................................................................<br><br>From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT. |